જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૫૦/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૭૮ | ૭ | ૧૧૦૮૫ | ૧૭૨૦૮ | ૭ | ૧૭૨૧૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૩ | ૦ | ૪૬૮૩ | ૬૨૦૬ | ૦ | ૬૨૦૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૪૬૯૦ | ૧૯૮ | ૨૪૮૮૮ | ૨૫૮૯૧ | ૨૦૩ | ૨૬૦૯૪ |
| | કુલ | ૪૦૫૧૩ | ૨૦૫ | ૪૦૭૧૮ | ૪૯૫૬૫ | ૨૧૦ | ૪૯૭૭૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૬ | ૧૫,૧૩,૪૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૪૯૨ | ૩૪,૯૨,000/- |

# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

## ઘરફોડ કરતી દિલ્હીની પ્રોફેશનલ ગેંગને ટેક્નિકલ સર્વેલન્સ આધારે પકડવામાં આવી

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ઘરફોડ ચોરીના અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરી આરોપીઓને પકડી પાડવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા મ.સ.ઇ અમીતભાઇ રણછોડભાઇ બ.નં.૧૩૫૫૨ નાઓની બાતમી આધારે ઘરફોડ ચોરીમા સંડોવાયેલ આરોપીને મુદામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે.

**આરોપીઓ:**

(૧) ઇરશાદ અબ્દુલરહીમ જોજે ઉ.વ.૪૫ રહે.હાલ.મસ્તાન મસ્જીદ પાસે, ફતેહવાડી, વેજલપુર, અમદાવાદ મૂળ રહે.ગિરખી મહોલ્લો, સિકંદ્રાબાદ જી.બુલંદશહેર યુ.પી.

(૨) અકબર હાકમીન કુરેશી ઉ.વ.૩૧ રહે.હાલ.મસ્તાન મસ્જીદ પાસે, ફતેહવાડી, વેજલપુર, અમદાવાદ મુળ રહે.ગામ.ડાસના તા.કોતવાલી જી.ગાઝીયાબાદ યુ.પી

(૩) શેહરોઝ સમીયુલ્લા જોજે (ઉ.વ.૩૨) (રહે. મસ્તાન મસ્જીદ પાસે ફતેહવાડી વેજલપુર અમદાવાદ) (મુળ રહે. શાંતિનગર ભોળ તા.થાના.નગર કોતવાલી જી.બુલંદશહેર યુ.પી.)

મુદામાલ રિકવર:- કિ.રૂ.૨,૨૦,૩૪૦/-

MO - આરોપીઓ દિલ્હી થી હોન્ડા સીટી કારમાં અમદાવાદ આવી અલગ અલગ જગ્યાએ રેકી કરી માત્ર દિવસની અને ફ્લેટમાં ઘરફોડ કરવાની ટેવ ધરાવે છે.

ગુનાહિત ઇતિહાસ - આરોપીઓ અગાઉ દિલ્હી, નોઈડા, ગાજીયાબાદ અને યુપીના શહેરોમાં ઘરફોડ તેમજ અન્ય ચોરીમાં પકડાયેલા છે.

શોધાયેલ ગુનો:- સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.નં.૨૧૬૫/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબ

આ કામગીરીમા સુપરવિઝન PI જે.પી.જાડેજા તથા સર્વેલન્સ સ્કોર્ડ PSI જે.જે.રાણા તથા ASI અમીતભાઇ રણછોડભાઇ બ.નં.૧૩૫૫૨ તેમજ સ્ટાફ જોડાયેલ હતા.

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી તથા પ્રોહિબીશનના આરોપીની પાસા અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી “ડી” ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી પ્રવુત્તિ તથા પ્રોહીની અસામાજીક પ્રવુત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે મિલકત સબંધી પ્રવુત્તિ સાથે સંકળાયેલ નં-(૧) શૈલેષ સ/ઓ મનુભાઇ પરબતભાઇ સાંગાણી ઉવ.૩૪ રહે, મ.નં.૧૮/૪ પટેલ પાર્ક સોસાયટી જીવનવાડી પાર્ક પાસે નિકોલ ગામ અમદાવાદ શહેર નાઓની મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૨૫/૨૦૨૦ તા.૨૮.૧૨.૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી મશ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે તથા પ્રોહીની અસામાજીક પ્રવુત્તિ સાથે સંકળાયેલ પ્રોહી લીસ્ટેટ બુટલેગર નં.(૨) ગુલશનબીબી ઉર્ફે લાલીબેન શ્રીરામ ખુબલાલ કઠેરીયા ઉ.વ.૬૦ રહે.શક્તિનગર લાઇન નં-૯, આંબેડકરનગર સામે, પ્રેમનગર મેમ્કો અમદાવાદ શહેર નાનીને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૨૬/૨૦૨૦ તા.૨૮/૧૨/૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે.તા.૨૯.૧૨.૨૦૨૦

## વટવા પોલીસ સ્ટેશન

## શરીરસબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે.તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે. દાખલ થયેલ શરીરસબંધી ગુનાઓ પૈકી (૧) જીઆઈડીસી વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૩૩/૨૦૧૮ ઈપીકો કલમ- ૩૯૨, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-એ-ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૧૪૦૧/૨૦૨૦ ધી ઈપીકોકલમ- ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના ગુનાનો આરોપી કાળુભાઈ ટીડાભાઈ ભરવાડ ઉવ.૨૬ રહે- રામાપીરના મંદિરની બાજુમાં, ભરવાડવાસ, જાનીયાપીરનો ટેકરો, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૨/૨૦૨૦ તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ ખાસ જેલ પાલારા - ભુજ ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પાલારા – ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## સાબરમતી પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા ઇ. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે પ્રદીપભાઇ કેશવલાલ જાડેજા (છારા) ઉ.વ.૫૧ રહે. અચેર, છારાનગર, સાબરમતી, અમદાવાદ શહેર સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે દેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૧૪૩૦/૨૦૨૦ તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આજરોજ તા.૨૯/૧૨/૨૦૨૦ ના રોજ સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૨૯/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) PI શ્રી આર.એચ.વાળા (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૩) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) HC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯ (૫) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૨૫૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ, ૧૦૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૨૫૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૨૫૩/૨૦૨૦**

**શાહીબાગ:** નાનીબહેન વા/ઓ રૂપાભાઇ વાઘેલા (ઉ.વ.૫૦) (રહે. ગાયત્રીનગર સોસાયટી સરખેજ ગામ) એ તા.૨૯/૧૨/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નાનીબહેનના પતિને ગંભીર પ્રકારની બિમારી હોઈ સારવાર માટે તા.૨૬/૧૨/૨૦૨૦ ના રોજ સીવીલ હોસ્પીટલમાં ગયા હતા ત્યારે સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે અજાણ્યા પુરૂષે નાનીબહેનને ટ્રસ્ટમાંથી સસ્તી દવા અપાવવાનુ કહી નાનીબહેનના પતિને ઓ.પી.ડી.પાસે ઉભા રાખી નાનીબહેનને ઓટો રીક્ષામાં બેસાડી એક્ષ-રે પડાવવાનુ કહી વિશ્વાસમાં લઇ નાનીબહેનને પહેરેલ સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૩,૦૦૦/- કઢાવી ફાઇલની પ્લાસ્ટીકની થેલીમાં મુકાવી સિવિલ અંદર નવી બનતી બિલ્ડીંગ પાસે લઇ જઇ નાનીબહેનને રિક્ષામાંથી ઉતારી રીક્ષા પાર્ક કરી આવુ છુ તેમ કહી દાગીનાની થેલી લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રોહિતસિહ રણજીતસિહ ચલાવે છે.

**ચોરી:-** **સમાચાર યાદી નં.૨૨૫૪/૨૦૨૦**

**સરખેજ:** અશ્વીનીભાઈ નવલભાઈ શર્મા (રહે. શુભગૃહ ટાટા હાઉસીંગ મોટી ભોયણ તા.કલોલ જી.ગાંધીનગર) એ તા.૨૯/૧૨/૨૦૨૦ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૦ સાજના ૬/૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ શાંતિપુરા સર્કલથી સાણંદ સર્કલ વચ્ચે કિરણ મોટર્સની મારૂતિ સુઝુકી કંપનીની નવી ગાડીઓના ગોડાઉનના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલ નવી ઇકો ગાડીઓમાથી સાઇલેન્સર ખોલી ૨૨ ગાડીઓના સાઇલેન્સર કુલ નંગ-૨૨ કિમત રૂપિયા ૧૪,૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.દેસાઇ ચલાવે છે.

**એલીસબ્રીજ**: વિનોદભાઇ આત્મારામભાઇ મોદી (રહે. દેવનંદન સુપ્રીમર્સ ક્રિષ્ઠલ સ્કુલ સામે વસ્ત્રાલ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૦ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પાલડી ચાર રસ્તા અનિલકુંજ કોમ્પલેક્ષના પાર્કિંગમાંથી પોતાની રીક્ષાની ડેકી તોડી ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આઇ.રબારી ચલાવે છે.

**વાડજ**: અશોકભાઇ અનીલભાઇ બ્રહ્મભટ્ટ (રહે. ઘનશ્યામ કોમ્પલેક્ષ ચાંદલોડીયા બ્રીજની બાજુમા ચાંદલોડીયા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૦ રાતના ૨/૦૦ થી સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન નવાવાડજ નેશનલ હેન્ડલુમ સામે અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના પીલ્લર નં-૩૫૬ નજીકથી લોખંડના સળીયા કિમત રૂપિયા ૫૭,૫૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૫૫/૨૦૨૦</u>**

**નિકોલ**: પ્રહલાદભાઇ ભુપતભાઇ કુશ્વાહ (રહે. પ્રાથના એવન્યુ ગોપાલ ચોક નવા નરોડા) એ તા.૨૧/૧૦/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગે નિકોલ એસ.પી.રિંગરોડ સુપ્રિયા હોટલની બાજુમાં કસ્તુરી હાઇટ્સના નવા બાંધકામ નજીક ટવેરા ગાડી નંબર જીજે ૦૧ કેડી ૧૪૭૩ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રહલાદભાઈ કુશ્વાહે તા.૨૯/૧૨/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી